રાણકદેવી અને રાયખેંગાર
નાટકનાં ગાયન.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

છોટાલાલ છગનલાલ બુકસેલર.

પુસ્તકાલય—અમદાવાદ.

અમદાવાદ.

"જયન્તિ" પ્રીન્ટિંગ પ્રેસ.

આવૃત્તિ ૪ થી. નકલ ૧૫૦૦.

સંવત ૧૯૫૮. સને ૧૯૦૨.

કિંમત બે આના.

રાણકદેવીને રાયખેંગારના નાટકનાં
ગાયનો.

સ્થળ—કલડીમાં પારસિહનું વિચાર ભુવન.

(પારસીહ પોતે અપુત્ર હોવાથી અફસોસ કરેછે.)

શારપાવર—(અફસોસ કે આ જીંદગી આકારીરે થઇ) એ રાહ.

અફસોસની આ વાત છે પ્યારા ઓ પ્રધાન;
વૃદ્ધ અવસ્થા થઇ તોએ નહીં નીરખ્યું સતાન; અફ.
શો કીધો છે ગુનો તારો, હે કૃપાના ઇશ;
દયા ધરી આ દાસ પરે. બાળ આપો જગદીસ અફ.
નહીં સંતાપો પુત્ર વિના. આ દીન દાસને;
થયા પુરા માસ, ધરે ગર્ભવાસને, અફ.
આપી પુત્ર જીવાડજે, કરજે રક્ષા તું નાથ;
નમુ છું હાથ હું જોડીને નામી શીર નેડી હાથ. અફ.

સુમતિચંદ—([illegible]) એ રાહ

શાને શોચ કરો અરે શાણા રાજન,
નહીં દીલગીર થાઓ, ધરી તમે મન. શાને.
ઇશ્વરે લખ્યાના લેખ ફરે નહીં;
ઉપાય કરીએ જો હજારો તન. શાને.
ધારશું હરી કૃપાધીશ ત્યારે,
આપશે આપને જલદીરે તન. શાને

(એવામાં દાસી પુત્રીની વધામણી કરવા આવે છે.)

[illegible]—([illegible]) એ રાહ

વધાઇ વધાઇ વધાઇ, રાજા લાવી છું વધાઇ;
પુત્રીનો પ્રસવ થયો છે, આજ [illegible] વધાઇ.
મહારાજ [illegible], [illegible]:

પ્રનામ આપો ખુશી થઈને, સુજને હે મહારાજ. વધાઈ.
વૃદ્ધાવસ્થામાં બંધાયું પારણું આપણ ઘેર;
શોકજ મટવે દુરકરીને, કરોને લીલા લહેર.

શારપાવર—(સ્વામીનાથ સ્વામીનાથ સ્વામીનાથ રે) એ રાગ.

દ્યો ઇનામ દ્યો ઇનામ દ્યો ઇનામરે.
ખુશી કરો એહને, દઈ ઇનામરે. દ્યો ઇનામ.
સર્વ નગરમાં વધાવ્યા, ખાણા અને ગેગ;
ઘેર ઘેર ઓચ્છવ કરી, કરો રંગરાગ. દ્યો ઇનામ.
તેડાનો જોશીને આંહી, ગ્રહ જોવા કાજ;
કીયા નક્ષત્રમાં જન્મી પુત્રી મમ આજ, દ્યો ઇનામ.
જલ્દી તમે બ્રહ્મણગન, કરો આણીવાર.
કરો નહી વાર તમે, કાંઈ લગાર. દ્યો ઇનામ.

સુમંતીચંદ—(મહારાજ રંગ દીઠએ.) એ રાગ

આપ હું હુકમ શિર ચડાવી જાઉંછું;
બ્રહ્મણને કરીને જલદી આહીં આવીશું. આપ૦
જોશીને તેડાવા મુકુ વેગે અહિંયાઈ,
ખુશીથી પધારો આજ કરો ન ફિકર કાંઈ. આપ૦

શારપાવર—(લાગી છે તરસ બાઈ પાણી પા.) એ રાગ.

જુઓ જોષ તમે આ કુંવરી તણા;
કહો સત્ય વાત નહીં રાખીને મણા.
કયું નક્ષત્ર ને, કયું ચોઘડીયું;
કયું લગ્ન કેવાં ગ્રહ તેના. જુઓ૦

ગંભાશંકર— રૂપ કલ્યાણ.

સાંભળો મહારાજ, મારી વાત આજ.
પુત્રી આ પેદા થઈ છે, આ કુશળ આજ. ટેક.
જે ઘેર આ પુત્રી જાશે, કરશે નિકંદન;
ધન માલને મનુષ્ય નાખુ વગી, કહુ વેરી તન, સાંભળો.

વૈધ્રત વળી વ્યતિપાતમાં આ પુત્રીનો જન્મ.
વળી ગ્રહણ હતું તે વખતે તેથી કહુ આ મર્મ. સાંભળો.
જોશીને શીરપાવ આપી રાજા પ્રધાનને કહેછે)

શરપાવર—(શું ઘેનમાં ઘેરાયો થાને તું હોશીઆર,) એ રાહ
મુકી આવો આ પુત્રીને, મમ રાજ્યહદથી બહાર,
નથી મુજ કામ તણી, પુત્રી આ નાદાર. મુકી૦
સુણો પ્રધાન માહરા, કરો તમે આમ,
ખબર ન પેડે કોઇને મુકી આવો એવે ઠામ. મુકી૦

સુમતીચંદ—(મુજ ઉપર ગુજરી પીતા પાદશાહ જાણી) એ રાહ.
જાઉ આપ આજ્ઞા હું, શિરે ચડાવી મારાજ;
તેડાવી પુત્રી, મુકી આવું વન આજ.
તમે શોક છોડીને દીલમાં ધરોને મોજ;
મટે નહીં લખીયા લેખ, ઉપાય કરે રોજ;
ઇશ્વરે ધાર્યું તે નક્કી બને મહારાજ;
સહુ શોક તજીને ખુશી રહો શિરતાજ.
(પ્રધાન કુવરીને વનમાં મુકી આવેછે અરે તેને હડમત કુંભાર ઉપાડી પોતાને ઘેર લાવે છે. **સ્થળ હડમત કુંભારનું ઘર.**

હડ૦—(વા'લી મા. ગુલાબ પ્યારી સાંભળને એકવાત તું,
સાંભળ પ્યારી વાલી મારી, ખુશીની એકવાત તું;
રત્ન એક જડીયું છે મુજને તે લાવ્યો તારી પાસ હું, સાં૦
નથી પુત્ર કે પુત્રી આપણુ રાખીએ એને પ્રીતથી બહુ;
સમાં તેડીને ખવાડજે તું ઘી કંસાર સાકર ચોળી સહુ સાં૦
હું ખાટપર હુકો. ગગડાવુ તું પીરસજે બહુ બહુ;
મામે એથી અદકુ આપજે. રીસામ નહી કોઇ સાચુ કહુ,

આભણી—[પુતળી ઘોડીયામાં સુવાડી હાલરડું ગાય છે,] આશાગોડી
હાલરડુ ગાઉ પ્રીતે વાલી મારી હાલરડું ગાઉ પ્રીત ટેક,
તુજ તન દેખી મન હરખે ગાઉ હાલો ભલી રીતે વાલી૦
રૈ ના કર નહી તું મારી બાપુ, શાંતી ધાર તુજ મને. વાલી૦

સ્થળ કુન્જમાં બાગ.

(રાણુકદેવી આંહી પુષ્પ ઉપરની થઇ છે તેથી હું કેવા સ્વામીને હસ્થે પડીશ એવા વિચારમાં તલીન થઇ નીચે પ્રમાણે બોલે છે.)

રાણુકદેવી—(મુજ ઉપર ગુજરી પીના પાદશાહ જાણી (એ રાગ. પ્રીતરૂપી પવને, થઇશ હું ક્યારે બાગ? હવે જાગી રાગે, [illegible]. પ્રીતવાળા નરથી, થાય કદી જો લગન; જન્માંતર આખા [illegible] હું મગન. પ્રિતીવીણ નરની સાથ જોડું જો થાય, તો કષ્ટ પામું [illegible]. જીવ વરસમાં સૌથી ઉતગ રસ છે એહ; જ્યારે તે નહી [illegible] સંસારમાં સુખછે; એહ સર્વથી મોટું; મળે નહીં કદી તે [illegible]

(એવામાં લાખો ફુલાણી ત્યાં હવા ખાવા આવે છે તે આ સ્વર સુણી એક બાજુએ આવી પોતાના મન સાથે બોલે છે.)

લાખો ફુલાણી—(અરે લાલદેવ [illegible]) એ રાગ

અરે આ દિસે કેવી, સુંદર સ્ત્રીયા; કરૂં તેને જલદી હવે મુજ પ્રીયા; જોઇ તેનું તન, હરખું મુજ મન; હાય! આ દિસે છે પ્રીયા પીના વન નથી પદમણી નાર તેને ધીક્કાર છે [illegible] સંસાર [illegible] જગતમાં સુખ. સ્ત્રીઆ [illegible] પ્રિયાવીના વન [illegible] આ અવનીમાં છે નાર; તે સુખદુઃખમાં [illegible]

(પરસે યાં [illegible]) એ રાહ.

નથી કરીમેં નારી આજ જ્યાં સુધી મારી; ત્યાં સુધી [illegible]; [illegible] પરીપ્રિતીને હું પાત્ર થઉં આ નારીથી, સુખી થઇ રહું, દૂર દુઃખ [illegible] એક રત્નમાં [illegible] છે, રત્ન સ્વામીની; [illegible] કદી હેમ મનુષ્ય ગુસામાં તે દુરકરે; હોય કેય નીશામાં શોકાતુર ઘેરે કરે સર્વનું નિવારણ, વળી તેહ પ્યારી; [illegible] આ નારી મારી કદી આવે વિઘન, કરતાં કદી જો લગન, અતિ કષ્ટ સહી કરૂં સર્વ નિકંદન

(વળી તે ઇશ્વર પ્રાર્થના કરે છે.)

(વિનતી ધરજ્યો ધ્યાન, [illegible] વિનતી) એ રાહ.

પ્રીતે કરૂં પ્રણામ, જગદીશ્વર પ્રીતે કરૂં પ્રણામ, ટેક.
[illegible] આપો મુજ [illegible], જગદીશ્વર.
[illegible] જોડી આપને પ્રણમું, વારંવાર મુજ નામ. જગદી.

સુખ દુઃખના આપ સાથી છો સ્વામી વાસોવસોત્રીય ધામ   જગ.
આપ પ્રતાપે કામ આરંભુ, સાથ કરો સુખ વિરામા   જગ.
સુજ મન છે આ નારી પરણવા તેમાં તું આપને હામ.   જગ.

સ્થળ—ગુજરાત, અણહીલપુર પાટણ સીદ્ધરાજની કચેરી.

સિદ્ધરાજ—(પીતાજી અરે પ્રભુ આ શો કીધો.)   એ રાગ.
અહો શાગ્યા ગુણા સચીવજી તમે; ખુશીથી ઉત્તર આપો પુછીએ અમે
પ્રજા પામે સુખ ન્યાય. કેવ પ્રકાર? કુંજર કેમ ચાલે? કહો આણીવાર
ખામે ખાગજા કેવી રીતે અભ્યાસ? કેવી ચર્ચા ચાલે મારીરે ચોપાસ.
સ્વામી તમે શાને પ્રીતે કરી; સુણુ સુખ સાતા હું એવું ધરી;

શુભ સુદત્ત— ઇંદ્રસભાની ગજલ.

સાંભળો નામદાર આજ વીનતી ઉરધારી;
શુભ શાંતી સર્વે સ્થળે, કહું હું વીચારી.
સર્વ પ્રજા સુખમાં પ્રવર્તે છે મહારાજ;
કારીગર અહરનીશ બનાવે નવીન કાજ.
વીદ્યા દેવી મગનમાં માંલે છે લોકમાં;
ન્યાય અદલ પામી નથી, રહેતા શોકમાં.

(એટલામાં કન્યા ખોળવા મોકલેલ ભાટ કન્યા ખોળી રાજા આગળ તેનું વર્ણન કરે છે)

ભીરસ્વરભાટ—(નાગનકે બચ્ચે નાગળીએ પ્યાર ના કરનાર) એ રાગ

કમળ વદન ચંદ્ર બદન, ઓષ્ઠ ચંદ્રકાર;
દંતકળ દાડમ કળી, શીશ કેશધાર.   કમળ૦
મૃગાનેની ચક્ષુજેની, ગાલગુલાબી લાલ;
[illegible] પરવાળાં સમ સુર્ય છે લલાટ   કમળ૦
[illegible] સમ નાશીકા છે, ભમર ધનુષ કમાન;
[illegible] જેવી ડોક જેની, સુર કોકીલ સમાન.   કમળ૦
[illegible] બારે વારંગી; આંગળી છે શીંગ;
[illegible] કેસુર [illegible], જાઇ થાયે [illegible]ગ.
[illegible] [illegible] જંઘા, કદળીની પ્રમાણ;
[illegible] પ્રકાર સ્વામી, [illegible] વખાણ   કમળ૦

શૃંગાર ધરે સર્વ અંગે લાગે ઉર્વસી;
સ્વર્ગમાંથી આવી જાણે, અત્રે તે વશી. કમળ૦
રૂપ છે રંભા સમાન, પુર્ણીમાનો ચંદ્ર;
ભાન ભૂલી જાય મનુષ્ય, દેખી તેનું ગૃંદ. કમળ૦
ચાલ હંસી જેમ ચાલે, પદમણી તે નાર;
ખોળી લાવ્યો આપ સારૂ ત્રિયા નામદાર;

સિધરાજ ગીતી
આપ કરો છો વખાણ, કોની પુત્રી ક્યાંની રહેનારી;
કહો બીના તે સર્વે, સાંભળવાને ઉમંગ મેં ધારી.

બીરદેશર—ગામ જુનાગઢ પાસે, મજેવડીની તે છે રહેનારી;
પ્રજાપત હડમતને, ઘેર રહી ને ઉછરે છે બાલી.

સિધરાજ— (હાંચીકલંક કેમ લેશોરે.) ટેક.
શું કરો ત્રિચાર્યો વણ વાત, વાણી શું આવી તમે વદોરે. ટેક.
શું થઉ હું કુંભારનો જમાત્ર ! વાણી. તે ગરધવ તણો ચારનાર વાણી.
છે ગામડા તણો રહેનાર. વાણી. અંત્નીશ માટી ચુંથનાર. વાણી.
શું તે ! મુંજ પ્રિયા થનાર. વાણી. નહીં નહીં તે રાણીપણા યોગ્ય વાણી.
તે તો મુરખ પ્રજાપત જાગ, વાણી. જને હોત અકલ તમ ભાટ, વાણી.
તો ભીખ માગતા શ્યા માટ, વાણી શું.

રાહખેંગાર— આસાગોડી.
સાંભળ વાત તું મારી, પ્રિયા સાંભળ વાત તું મારી ટેક.
સોરઠનો પતિ રાહખેંગાર હું આણુ મને સર્વમારી. અરે.
ભાન ભુલી કેમ દેહ દમે છે, એકલી રહી અહીં નારી. અરે.
ઉદાસી પ્રસરી મુખપટ તશ, અત્રે કહે કષ્ટ વિચારી. અરે.

રાણકદેવી સીહાનો ઉનરો.
પ્રાણપતિ પ્યારા સુખ દેનારા, હાથ સોંપે સ્વામી તમને આ મારૂં. પ્રા.
છો યોગ્ય સ્વામી મુને વરવાને કરી ગોથકે લગ્નતો અત્રે તમામ, પ્રા.
જેમ મળે મીનને જળ એમજ, આપ મળ્યા મુને પ્રીતમ પ્યારૂં. પ્રા.
સુખ સાંતીલા અપુંસુજશીર, જાણી સંસાર સુખ આજ સારૂં. પ્રા.
રાણકદેવી સિધરાજ સાથ નીમા, મનેકાની અને તેની [illegible]

અડચણ વીશે કહે છે તેથી.)

રાહ્‌ખેંગાર— બઝારા.

સાંભળ તું નારી ધૈર્ય ધારી કોટી ઉપાયે કરૂં તુને મારી;
કદી જાયે ભલે મારૂં રાજ, તેથી જાય સર્વે મુજ સાજ;
પણ હિંમત નવ એસું હારી. કોટી૦
કદી ઠામ તજી દુર જાઉં, મુજ જનુની હું લજવાઉં;
ખરો ક્ષત્રી નીર હું નારી. કોટી૦
પડે આધા જો આ હાય, કદી તનના કટકા થાય;
સહાય કરશે ધો ગીરનારી. કોટી૦
છો તારો મુજપર પ્રેમ બંધાય, તે જોડું સુખી બહુ થાય;
કલેશ કંકાસ જાયે હા.

સ્થળ—મજેવડી ગામનો ચોરો.

(હડમત વિગેરે લગનની ના કહેવાથી દેશલજી હડમતને કહે છે.)

દેશળ—બસ બસ ભીખારી સાંભળ મુજ વાત;
લઇ જઇશ તારી પુત્રી, મારીને હું લાત.
સ્ત્રી રૂપી રત્ન આ રાજ્યમાં જશે ક્યારે;
કે દેશળના ખોળીઆમાંથી, જીવ જશે ત્યારે.
નથી તું જાણતો હજી, ક્ષત્રીવટ;
પકડે તેને છોડીયે નહી, મરતાં સુધી હઠ.
સીધી રીતે સોંપ તું અબ્બા પુત્રી તારી;
જબરજસ્તીથી લઇશ તો ખરાબી થશે તારી.
ખુશીથી આપીશ તો બનાવી તુંને નાંઇ;
થઇશ જો અમ સામો તો મરીશ વણખુટે કાળ.

સ્થળ—જુનાગઢ રાહ્‌ખેંગારનો મેહેલ.

(રાણકદેવી પોતાની દુઃખની વાત યાદ આવ્યાથી ઉભરાની
નવી [illegible] છે તે વિષે વિચાર કરે છે)

રાણકદેવી— (હાણુ દેવ દુઃખણુ તુ) એ રાહ,

અહો જુનાગઢ નાથું નામી શિર, જોડી બેહુ હાથ; વંદુ હું ઇશ;
આ તારી, છે બહુ ન્યારી; શક્તિ સારી, છે મુજ બારી.

કરી ક્યાં ગામ પારસીઉ ક્યાં ધામ, કુદરતનો વીશ્રામ"
ક્યાં રાણકનામ.
થયો મુજ ભાર. ને દુઃખીઓ, આવ્યો કચ્છને ન થયો સુખીઓ;
થયો ઉતપાત, એણે કામ, આવ્યો લાખો તેને ધામ
કરી વીવા, તણી તણે વાત, તેથી કુદરત, પામ્યો ઉતપાત;
આવ્યો નાશી ત્યાંથી અહીં ડરી બેઠો ન જાઉ ને ફરી.
અહીં અંત ને કીધો મુજ વીવા સંધે સીધરાજ લાગી બીવા.
કરશુ કે ને, અપ્રીતી સાથ, આપું હું કેમ મુજનોરે હાથ.
આવી પ્રીત મુજ ખેંગાર સાથ થઇ કરવા તૈયાર હું નાથ;
મળ્યા વરને હું પરણી તેને, હવે દુઃખથી દુર કર એને;
ક્યાં આ મેલ, કરવા શેલ, સુખની રેલ હું પામેલ.
સહુ તુજ થકી, પામી આ વાર. નમુંછું તુને અહો કીરતાર.

(રાહખેંગાર તથા રાણકદેવી સાથે મળી ઇશ્વર પ્રાર્થના કરે છે.)

સ્થળ—જુનાગઢની આગોળ.

(રાહખેંગારના રાણકદેવી સાથે લગ્ન થતાં તેની ખુશાલીમાં સર્વ પ્રજાને ભોજન આરોગવા આસપાસથી તેડાવેલો છે તેમાંથી કેટલાક લોકો ખુશી થઈ ગાય છે.)

સ્થળ—પાટણમાં સિદ્ધરાજની કચેરી.

વારાંગના—(રહો દીલ દીનરે પ્રજા પ્યાર.) એ રાહ.

રહો રહો સદા સુખી આપ;
ટાળો પ્રજાનાં પરીતાપ. રહો રહો.
ઇંદ્ર સમાન ભુપ રૂપ છે આપનું,
પીરથવીથી રાજ ચલાવી,
[illegible] ભાવે આપ, રહો રહો.

(રાહખેંગાર સાથ રાણકદેવીના લગનની વાત સાંભળી સિદ્ધરાજ ગુસ્સામાં રાહખેંગારને કહે છે.)

સિદ્ધરાજ—(શિરપર તું છે વેરી ભારે.)
[illegible] કામ આવું કરશે,
[illegible]

હવે પચાડીશ જમના સાથ, મુર્ખ ગજરાજને પાડો મારે લાત મુર્ખ
કેમ કરી રહે બચવાની વાત મુર્ખ છેડે કેસરીને શીયાળ, મુર્ખ
કહો કેમ નહી આવે તેનો કાળ મુર્ખ

સિદ્ધ સરદારો થાઓ તૈયાર, શતરૂની સામા જવા તમેરે, ટેક
સજ્જો સજ્જ ન લગાડો કાંઇ વાર શતરૂની૦

સ્થળ—પાટણનું પાદર.

સર્વ લશ્કર— ધુપ કલ્યાણ

જઇએ લડવા કાજ, હીમત ધરી આજ;
શતરૂને સંહારી કીજે, મહારાજાનું કાજ, જઇએ.
૧ હોન્હું હઠું શતરૂની સામે તીર કામઠું લઇ;
નહી ફેરૂ કદી પગ હું પાછો, રહું અનેક ઘા સઇ જઇએ.
૨ જન-હું જન્મ્યો છું ક્ષત્રી વંશમાં, નહી હારૂં હું હામ;
ક્ષત્રીની વટ ત્યાંજ બતાવી, અમર કરૂં મુજ નામ જઇએ.

એક મીયાં—મેં લડુંગા સાથ ઉસકી, ગેરીસે તરવાર;
કાટકે કાડું શિર પાછે જુજ, મીયાંનું જુહાર.

સ્થળ—જુનાગઢ પાસેનું મેદાન બેત.

સિદ્ધરાજ—એ મુર્ખ તેં સુતા સીંહને, મારી છે લાત;
પત્ની મારી આપ, નહી તો થશે તારી ઘાત.

રાહખેંગાર—અરે દુષ્ટ મુર્ખ સીને, પત્ની લેવા આવતી નથી શરમ
લશ્કર તારૂં સર્વે લેઇ, વળી પાછો રાખી ભરમ,

સિદ્ધરાજ—સીંહની સેના કરી, કરે આવી બડબાડ;
તેથી શું તે જનારી થઇને? બીડસે તેની સાથ બાથ.

રાહખેંગાર—મિથ્યા બડબાદ શાને કરી, ગુમાવે છે તારૂં તોલ,
હામ હોય તો આવીજા સામો, કરૂં હું તને રંગરોળ.

સિદ્ધરાજ—અરે ગરીબ બીચારી રૈયતને શાને કરે હેરાન;
રન માહરૂં આવીને, બચાવ તારી જાન.

રાહખેંગાર—બાયલાની પેઠે ઉભો રહી, શું કરે છે મિથ્યા બકવાદ;
એક ઘાવથી હું આવું રાહખેંગાર, ઉતરશે તારો વાદ.

(એમ કહી બન્નેનું લશ્કર આપસમાં લડે છે અને તેમાં સિદ્ધરાજ હારે છે.)

સ્થળ—રાહખેંગારની કચેરી. કવિત.

બારોટ—પ્રજાકા પ્રતિપાલ, દીનો કે દુઃખ ટાળ,
દુષ્ટો આગે કાળ, ભુપ ભાગ્યશાળી હું
સુખી રહો સોરાષ્ટ્ર પતી, પામો સુખ ધન અતિ;
ચંદ્રકી મીશાલ કીર્તી જગતમાં જામીહે.
શશી જેશો રૂપ બન્યો, રાજ્યમે એ પાપ હન્યો;
રામ જેસો રાજ્ય બન્યો, રાહખેંગાર પ્રતાપસે.
ગુરૂ દત્તાત્રીકી મહેર, ઉસસે બહોત ઉડાવે લેર.
નહીં હે લેશભર ફેર, આપ ન્યાયન કે પ્રતાપસે

સ્થળ—રાહખેંગારનો ખાનગી મહેલ. બેઠા છે.

રાહખેંગાર—પીઓ લ્યો શરાબ, દેશળ પીઓ લ્યો શરાબ ટેક.
છે ખુબ એમાં સ્વાદ, દેશળ પીઓ—
શરાબ છે આ અતિ ઉત્તમ, સૌથી શ્રેષ્ઠ પાન;
પીવાથી આરામ થાસે, તનમાં આવે વ્રાન. પી૦

દેશળ—મામા આપ આગ્નાથી, હું પીઉછું શરાબ;

રાહખેંગાર—આપી આવ તુજ મામીને,

દેશળ—મામા દારૂ છે ખરાબ, રહેવાદો આ વખ મામા રહેવાદો આ વખ.

રાહખેંગર—તુજ વીના આ કામ કોણુ કરશેરે ભાણેજ:
આવે બહુસો તુજનો, દીલ તુજ છે સહેદ
જાઓ વેગેથી નહીં દેશળ જાઓ,

દેશળ—મામા નિશા બહુ ચડી છે તેથી નથી ભાન;
શક્તિ જવા નથી મુજમાં દીલમાં થાઉ હેરાન. રહેવા

રાહખેંગાર—કરે નહીં વાર જટ, જવા થાઓ તૈયાર,
ગમે તેમ કરી પ્રીય, આપી આવો આ વાર, રહેવા.

(રાહખેંગારનો ઘણો આગ્રહ જોઇ દેશળ લાચારીથી આગ્રહમાં ખાતો તેની મામીને દારૂ આપવા જાય છે)

સ્થળ—રાણકદેવીનો મહેલ.

રાણકદેવી—(બોલી બોલ બારેટજી જશ તો લેશ કરી કે એ રાહ
ઘણી રહો આ ગુણાળુ ધર પુણ્યકારી,

પીવે ભુલાવે છે ભાન શુદ્ધ રૈન સારી,
કરે આખરે મનુષ્યને નીસ્તેજ ભારી;
પીવા ગમે નહીં પણ પતિની હું આજ્ઞાકારી,
તેથી કરૂં પાન તેનું હું ઉમંગ ધારી,
આખર થઇશ હું હેરાન આજે એથી ભારી. [પીધા સખી]
થર થર કંપે છે અરે કાયા મારી.
જાય નેત્ર ઉડી દીલ દુઃખ થાય ભારી [હાથજોડી]
પ્રભુ નીશામાં ચકચુર બની બહુજ સારી,
તેથી લાજ મારી રાખો ઉર અર્જ ધારી;

રાણખેંગાર—(રાગ,મનુષ્ય છટાએ ધર્યું રે. એ રાહ દેશળનો કાન પકડી)
એ નીચ હરામી ચડાળ, [illegible] તું તો થયોરે. ટેક.
તુજ મુખ જોઈ ઉપજે છે કાળ, દેશળ. તુને પુત્ર સમાન રાખ્યો ઘેર દેશળ.
તેની બતાવી આપી તે પેર દેશળ. તુજ રાખ્યો નહીં કદી અવિશ્વાસ દેશળ.
નારીદેખી બંધાયો મોહ પાસ દેશળ. તુજ માતુ સમાન મુજ નાર દેશળ.
સંગેરમ્યો તેની તું વ્યભીચાર દેશળ, મુખ નિશા કરાવી નાદાર. દેશળ.
બેશુદ્ધ કરી રમ્યો જાર. દેશળ. મુજ લુણ કર્યું હરામ દેશળ.
મુજ હદ મુકી જા બીજે ગામ. દેશળ.

દેશળ—(જરા શુદ્ધીમાં આવી)
*(અરે લાલદેવ ઇશ તરફ જેહદ આ.) એ રાહ.
એરે મામા આવું વદો ન વચન, સુણી આપ શબ્દ ધ્રુજે મારૂં તન.
જાણું આપ પ્રિયા હું માતુ સમાન, પડયો હું પલંગપર ભુલીને ભાન.
નથી ડગ્યો સુજ નિતિથી માનો વાત, થઇ જાતવંત નથી લજવી મુજ માત
કદી ધરા આપ બન્ને એક થાય, કદી સહસ્ત્ર ખંડ કાયાના થઈ જાય.
સૌહ ત્રણ ખાય તો કરૂં નહીં કામ વદો નહી વચન મામા મુખેથી આમ.

રાણખેંગાર—(રાણકદેવી પ્રતી) બંજારા
તાને કિહાથ ભાયે પ્યારી, નથી તકસીર કાંઇ તારી. ટેક.
આવ બેઠ ઉમંગ મજ પાસ, કરી દીલગીરીનો નાશ
અરે દુષ્ટ એ દુરાચારી. નથી તકસીર
રાણકદેવી—અરે ખુણામાં ભરાઇ રહેલી હતી તે પ્યારી આવીને

નથી વાંક દૈવગતનો પ્યારા, કીધા કરમે હાલ હમારા;
નેથી દશા થઈ આ અમારી, શાને ઉદાશી૦

રાહખેંગાર—થઈ બુદ્ધિ એની ખરાબ, તેથી પામો તુને બહુ શરાબ,
હવે મુઝાઇશ નહીં મન પ્યારી, નથી તકસીર૦

રાણકદેવી—ભેદ આપનો જોઈ પ્યારા થાઉં ખુશી દીલમાં હું મારા
આપ વિયોગ સાલે ભારી. શાને ઉદાશી૦

રાહખેંગાર—(નથી આચરતો નથી આચરતો) એ રાહ.
નહીં ગભરા તું દિલ વીશે પ્યારી, કરૂં નહી કદી તુજથી જુદાઇ નહીં૦
શોક કરે શાને સુંદરી મનમાં, તનમાં તાપ ધરીશ ન કાંઇ. નહીં૦
કદી જો શત્રુને શરણે થઇએ, તો લાજે પ્યારી મુજને આઈ. નહીં૦
જાયે ક્ષત્રીમાં આબરૂ મારી, તેથી પામું દુઃખ બહુ મુજ કાંઇ. નહીં૦
હીંમત ધારી શત્રુને હણુંવો, પીઠ બતાવી જવું નહીં કાંઇ. નહીં૦
સ્નેહ તારો સંપુર્ણ છે પ્યારી; ત્યારી કરૂં નહીં ધરૂં હેત દીલમાંહી. નહીં૦

સ્થળ સિધ્ધરાજની છાવણી.

દેશળ—(કહું શું જ્ઞાનીએ દુઃખીઓ કીધો છે.) એ રાહ.
સુણો કાકા મારા, શરણ છું તમારા. ટેક.
નથી ઉગરવા એક રસ્તો પ્યારા.
કીધું આપને દુઃખ દુષ્ટ થઇને હાય? ઉઠે અંગ ભડકારે મારા, સુણો.
કરો દોસ દુર દીલ લાવી દયા, અમે છીએ કાકા પુત્ર તમારા સુ૦
થાય કદી કમજાતરે છોરૂ, પણ માવીત નહીં થાય નઠારાં સુ૦
કરી સેવા અમે આપની ભારી, ગુણના તપાસી કીધા
હાલ નઠારા. સુણો૦
હવે છેરે આધાર તમારો, કાંતો જીવાડો કે કાંતોરે મારો. સુણો૦

સિધ્ધરાજ—

કુમરી.

ન લાવો દુઃખ નિરાશરે.
તમ ભેંય નથી મનુતોરે મનમાં શોક દુર કરી રહો પાસરે ન૦
ધન માલને રાજ મુજ સર્વે, તે સઘળાં તમ વાસરે. ન લા૦
જે બોલ્યો તે માગો આ વખતે, આપવા નહીં કંઇ સાસરે, ન૦
ખાવો પીઓને મોજ ઉડાવો, કરોને સુખ વિલાસરે. ન લા૦

સ્થળ—રા'ખેંગારનું શયનગૃહ.

રા'ખેંગાર—અહો પ્યારી નારી, દીધા રજા દિલ વીચારીને. ટેક.
રાણકદેવી—નહીં આપું આજ્ઞા, કાંતો જાવા દો મુજને મારીને ટેક.
રા'ખેંગાર—ગુર્જરના મહારાજા આવી, ફરી વળ્યા છે બહુ;
 દળ લાવીને નગર ઘેર્યું છે, પ્રજા પીડે વળી સહુરે અહો૦
રાણકદેવી—સૈન્ય નથી કાંઇ બળીયું આપણું કેમ કરી પહોંચાય;
 પણ મોતે મરીએ ત્યાં સ્વામી, માટે આપ રહો આંયરે. નહીં૦
રા'ખેંગાર—તોપો અને ચાકુ કર્યા છે, લશ્કર હણવા માટ;
 જાવું મારે પ્રજાની વારે, કે નગર લુટકાટરે. અહો૦
રાણકદેવી—પ્રથમ મુજને મરવા દઇને, પછી જાઓને ત્યાંય;
 નહીંતો ચાલો નાશી જઇએ, ગીરનાર પહાડ છે જ્યાંયરે. નહીં.
રા'ખેંગાર—અજાણી થઇ આ શું વદે છે, નહીં વદવું તુને યોગ્ય,
 સોરઠ સાંગે ગુર્જર લાવું, કરી શત્રુ ભુંભોગ્યરે. અહો૦
રાણકદેવી—ફળ તરુનો આહાર કરીને જાળવું તમ હું તન;
 રાજપાટ આ જાય બલે વળી, કાઢુ દુ:ખમાં દાનરે નહીં૦
રા'ખેંગાર—નહીં આવું કદી માનું વચનતુજ, જાવું નકી યુદ્ધમાંજ
 સહાય કરશે શ્રી ગીરનારી, મુજ કાર્યમાં આજરે. અહો૦
 કદી પડું હું રણને વીશે, જાવું તરત હું મોક્ષ;
 હઠ છોડીને દીયો રજા મુજ, મમથી છડી શોકરે અહો૦
રાણકદેવી—એમ નહીં માનોતો મુજને, સંગે લ્યો મહારાજ;
 હાથ જોડીને કરું હું વિનતી, કરગરી કરું આજરે. નહીં૦
 રા'ખેંગાર—પ્યારી અહીંઆં પી૦ ધારીને, જોવાને ઇશનું નામ.
 મારી દુશ્મન ઝટ હું આવું, કરીને આપણું કામરે. અહો૦
રાણકદેવી—સંગે રહીને સહાય કરું હું, સહુને પેઠે નાથ;
 શત્રુની સનમુખ લડીને પોંચાડું જમ હાથરે નહીં૦
રા'ખેંગાર—સાચું કહ્યું તેં પ્યારી પ્રેમદા, ધન ધન તારી માત:
રાણકદેવી—હવે ચાલીને નાથ આપણે, કરવા તેની ઘાતરે નહીં૦

કલ્યાણી રાગની લાવણી.

આમ શું કરે, શૈયા છોડીને, ટેક. મૂકે ન ત્યાગ, જગની હામ મળી નામ;

નહી દુભાવ્યા પ્યારીરે.આમ શું કામ ક્ષત્રીનું સુણ પ્યારી મારીરે,
કરી સંગ્રામ, શતરૂ સામ તજી ન હામ રણમાં ઝુઝવું નારીરે આમ શું
શતરૂ સામેરે પીઠ જે દીખાવેરે નીર માત વળી તાત કાયર જાત,
ક્ષત્રી જાત લજવેરે, આમ શું પાળવી પ્રજા પુત્રની સમાનરે;
અદલ ન્યાય, સુખી થાય, દુઃખ જાય કરીએ એમ ઉપાયરેઆમ શું.

રાણકદેવી—[જમુની જીવોરે ગોપીચંદની] એ રાહ

વાત ઉચ્ચારો વાલમ, જોવા યુદ્ધની માંયજી
ખાંતથી રહો મુજ સંગમાં કરો મોજ સુખે આંયજી.
વાત ઉચ્ચારો ન વાલમાં ટેક,

રાહખેંગાર—પ્યારી મારી આમ શું વદે, ક્ષત્રીને ઘટે નહીં લગારજી
રણમાંરે શીશ ઝુઝવવાં ધરી હાથ હથીયારજી પ્યારી૦

રાણકદેવી—નથી લશ્કર આપનું કેમ શતરૂ જીતાયજી.
આશ નથી જરા મુજને તેથી કહુંછું શું રાયજી વાત૦

રાહખેંગાર—આમ ના હીમત શું કરે વદી બીકના બોલજી;
લડવાને હીંમત છે મુને શતરૂ કાપુ હું તોલજી પ્યારી૦

રાણકદેવી—જાય ભલે કદી રાજ આ કરી વશીએ વનમાંયજી;
દુખ આપ તન સહીશું નરી એ સહીયે આતે દુખ કાયજી વાત૦

રાહખેંગાર—ખરો ક્ષત્રી પુત્ર હોય તે નવ બેશી રહે મેહેલથી;
ઝુઝાવે રણ શીર આપના કરી સંગમાં પેલજી પ્યા૦
નાશું કદી તુજ કહેવાથી પામું જગમાં અપમાનજી,
કર નહી વાત નકામી તું આવી ભુલીને ભાન પ્યા૦

રાણકદેવી—[ગર્જ માતુ મારી જાવું તેની પાસે એ રાહ.
આપ જુદાઇથી મમ પ્રાણ જાયે એક પલક મને વર્ષ સમ થાયે આપ૦
રહે કદી નહી જલથી મીન ન્યારૂ; એમ વીયોગ આપનહીરે સેવાય આપ૦

રાહખેંગાર— રાગ સદર

હઠ નહી કર તું જવા દેને મુજને છેલી વખત પ્યારી કહું છું તુજને હઠ૦
નહી માનું જરા કેણું તારૂં જેમ રેહાઇ તેમ દુખ થાય મુજને હઠ૦

રાણકદેવી—[વિકમા તું વેરી-મારોરે] એ રાહ

ઓ દુષ્ટ હરામી અંગ્રજ, આવું તેં કરયુંરે;

જા દુર તરૂં મુખ બાળ આવું. ક્યાં વિશ્વાસઘાત અનુજ. આવું.
સાગી જાણી તુજ મામા મુજ આવું. શું મુખ બતાવેનાહાર. આવું.
ધીક ધીક છે તુજ અવતાર, આવું ભુંડું ખાઇ કર્યું તે હરામ આવું.
જઇ ગાલીજન તજી આધામ આવું.

(સિદ્ધરાજના અપશબ્દ સાંભળીતેના નાથનાવિયોગવગેરેનો સંતાપ કરેછે

વણી— (સહીયર મુ દુઃખ દાખવું) એ રાહ;

ફુટયું નસીબ મુજ દુષ્ટનું જેથી ખોયો મેં પુત્ર;
રતન ગમાવ્યું જે રોકડું થઇનેરે કપુત ફુટયું૦
માતુ કહી કો બોલાવશે બોલીરે કાલારે બોલ;
તુજ આધારે હું જીવતી મુખ લેતી અતોલ ફુટયું૦
સંસારમાં માત પુત્રનું હેત કરી બોલાવે
વાંઝીયા મેણું નહિ શિરે, લાવો અનેક લેવરાવે;
એથી અધીક દુખ સ્વામીનું જે છે શીરનું છત્ર;
તે તો તજીને જતા રહ્યા મુકી મુનેરે અત્ર ફુટયું૦
દુર્ગહરણ આ સુનો પડ્યો મુજ માતા સ્વામીનાથ;
મદ મુખ મુખથી બોલાવતા હેતથી ઝાલીહાથ; ફુટયું૦
બેસારતા પાસ મુજને; કરતા હાસ્ય વિનોદ
એ સતગુરૂ છુટી ગયું થઇ દુસ્મન ભોગ.
વાણી ઉચ્ચરત વિવેકની પ્રેમ આપતાં સુખ;
તે ઘડ ક્યાં હવે રડવડે કેવું પામીને દુઃખ ફુટયું૦
ભીક આવે હોલા થઇ રેતી મળતા એક એકવીસ;
તે અંગ રવડે ભુપરે, ક્યાં ધડ અને શીશ; ફુટયું૦
નખ મુજથી ન જોઇ શકે દુષ્ટ મુખ પામેલ,
પ્રીયાં કહીતે બોલાવતો આ છે કર્મનો ખેલ;
વારે ધાજો પ્રભુ માહરી કરો શતરૂ સંહાર;
એના દીલે દયા લાવીને કાઢો મેહેલની બાર, ફુટયું૦
હાય હવે મારૂં શું થશે જાશે દીન દુઃખ કેમ;
ઉદાસી પ્રસરી છે અંગમાં, નાવી પણ તુને રેમ;
મેલ બગીચા વાડીઓ શણગારનેરે સંગાર;

સુના ક્ષમા તે સર્વરે, જોઇ કરે અંગાર
નહીં હરી બેસું ક્યાં જઇ, નથી સુઝતું કાંઈ, ફુરસું૦
શયન જોઈ દુખ થાય છે, હૃદું જાય ભરાઇ
પ્યારી હેતે હવે કોણ કેશે, દુખ કરશે કો દુર; ફુરસું૦
થઇરે દુઃખ હું અભાગણી. હવે મરવું જરૂર ફુરસું૦

રાણકદેવી—નિરપરાધી મારે, સરે અરે તુજ અર્થ હાથ;

સિધરાજ—જો વધતુ બોલીશ તો, વધ કરીશ હું તુજ પુત્ર આજ!,

માણેરો—(મારતી વેળા) બનાવી ગઝલ.

કરૂં પ્રણામ હું આજ, માતા તુને કરૂં પ્રણામ હું આજ. ટેક.
પડી હોય ચુક સેવા કરતાં, માફ કરો લાવી દાજ. માતા.
તું સવાનો બદલો ન આપ્યો, ધીક ધીક મુજને તાજ. માતા.
વધો કદી હું તુજ સામે માકુ, તે ક્ષમા કરીને આજ. માતા.
હવ જાઉં મુજ પિતાની પાસે, ખાંતથી મળવા કાજ. માતા.
કરી ચાહ્યો જાઉ નાશ પીતાનો, યશ અને સઉ સાજ. માતા.

રાણકદેવી— રાગ ક્ષત્રી કુલકનો.

હાલા આવી રહ્યો હવે અહનદ, સુરી હત્યારી નહીં છોરે.
કશું માની ઉતાર તારો મદ. સુરી. જોશે દાખલે દુનીયા સહુ: સુરી.
મુજ માટે કીધા કૃત્ય બહુ, તોએ જોશે દાખલે દુનીયા સહુ: સુરી.
આજ મુજ પતિનું શીશ લઇને સુગી આજ સતી જગમાં વિખ્યાત, સુરી.
આજ ઝટ શીર રસ્તામાં પ્રાત, સુરી. નહી તો ગાયદ કહે પાપ સુરી.
વાર કર નહીં ઝટ આંહી આપ, સુરી. જ ખરેશે તું ખુંક હાલ. સુરી.
પુત્ર વિણ મરીશ હું ચંડાલ સુરી તુજ રાજ થશે પાયમાલ. સુરી
થાઉ સતી અગ્નીમાં પડી હાલ સુરી

સ્થળ—ભોગાવા નદીપુરની વીશાળ જગા.

(રાણકદેવી ચિતા આગળ ઇશ્વરની સ્તુતિ કરે છે).

(પછી અગ્નીમાં પડી બળી જાય છે, તેટલે વખત ચાલી જય અને દેરૂં દેખાય. તેમ છે.)

સમાપ્ત.

સર્વે કામ સિદ્ધિ મહાત્મા પ્રસાદ.

આ વાત ખોટી ઠરે તો પૈસા આપીશું.

હાજરાતની ચીઠી.

કીમત પાંચ રૂપીઆ. પોસ્ટેજ ૭ આના.

જો તમારે ભુત, ભવિષ્ય ને વર્તમાન કાળની વાતો જાણવી હોય તો તમારા મરણ પામેલાં માતા, પીતા, ભાઇ, બહેન કે પુત્ર તથા મીત્ર કે પીયાને નજરે જોવા હોય કે તેમની સાથે વાત કરવા હોય તેમજ ધન, માલ, ખજાનો, આદમાથી દરબાર દેવતા ભુત, પ્રેત જીન, ખવીસ ઇત્યાદિ જોવા હોય વળી ખોવાએલી કે ચોરાએલી ચીજ, નોકરી, રોજગાર, દરેક ધંધ તથા બીજી કોઇ જાતની વાતોનો ખુલાસો આ ચીઠીમાં જોવાથી મળે છે. કોરટોના કજીઆની ફતેહ જાણવા પડે છે. વગેરે સઘળી વાતો જે તમે ધારો તેનો ખુલાસો મળે છે. તથા નજરે દેખાય છે આ વસ્તુ જરૂર મંગાવો, મંગાવનારે ટીકીટના પૈસા પણ મોકલવા પત્ર વ્યવહાર કરવો.

[illegible]

[illegible]